જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૭/૨૦૨૬ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૦૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૭ કેસ કરી, ૫૭ વ્યક્તિઓને ઝડપી, ૨૧૫ લીટર દેશી દારૂ, ૫૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૨૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૪૧ બીયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૬૫,૦૭૭/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૦૦૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૦૨/૨૦૨૬**

રાણીપઃ અક્ષયભાઇ જગદીશભાઈ નાગર (ઉ.વ.૩૫) (રહે. રીધ્ધિશ્વર સોસાયટી તુલશીશ્યામ ફ્લેટ સામે ભીમજીપુરા) એ તા.૧૯/૦૭/૨૦૨૬ ના રોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અક્ષયભાઇ નાગર એ જવેલર્સમાં દાગીના ગીરવે મુકેલા હોય તા.૧૦/૦૭/૨૦૨૬ બપોરના ૦૩/૦૦ વાગ્યાના સુમારે રાણીપ અક્ષરધામ ફ્લેટ સામે પ્રીતી જવેલર્સ આગળ આરોપી (૧) કરણ દેવરાજ ભરવાડ (રહે. ભરવાડ વાસ નવા વાડજ ગામ) (૨) દેવાંગ ઉર્ફે ભઈલુ ઉર્ફે દિપેન અને (૩) દેવ ઠાકોર એ ભેગા મળી જવેલર્સના માણસ તરીકે ખોટી ઓળખાણ આપી ગીરવે મુકેલા દાગીના છોડાવી આપવાનું કહી અક્ષયભાઇ નાગર પાસેથી રોકડ રૂપિયા ૫,૦૦,૦૦૦/– મેળવી લઈ ગીરવે મુકેલા દાગીના નહી આપી નાસી જઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જી.ઠાકોર ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૦૦૩/૨૦૨૬**

વાસણાઃ નિલેષભાઇ અમૃતભાઇ શ્રીમાળી (રહે. જવાહરનગર ઇન્દિરાનગર પાછળ અમરાઇવાડી) એ તા.૧૯/૦૭/૨૦૨૬ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૭/૨૦૨૬ બપોરના ૦૩/૦૦ વાગ્યા પહેલા વાસણા એ.એમ.સી.ના ખુલ્લા પ્લોટમાં પી એન્ડ ટી કોલોની પાસે ફુટપાથ ખાતેથી ઇન્ડસ મોબાઇલ ટાવર લી.કંપનીના મોબાઇલ ટાવરમાં લગાવેલ કોપર કેબલ આશરે ૫૩ મીટર કિમત રૂપિયા ૭૯,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી પરેશકુમાર રામજીભાઇ ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૦૦૪/૨૦૨૬**

"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ ભાર્ગવકુમાર દિનેશભાઈ ભલુ (ઉ.વ.૨૬) (રહે. રોયલ રીઝોઈસ લક્ષ્મી સ્કાય સીટીની પાછળ એસ.પી.રીંગ રોડ દાસ્તાન સર્કલ કઠવાડા તા.દસક્રોઈ અમદાવાદ) તા.૧૮/૦૭/૨૦૨૬ બપોરના ૦૨/૧૫ વાગ્યા પહેલા વટવા જીઆઈડીસી એસ.પી.રીંગ રોડ હાથીજણ સર્કલ વૃંદાવન પાર્ટીપ્લોટ સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે ટાટા ૯૦૯ ગાડી નંબર જીજે ૦૧ બીવાય ૬૨૮૯ ના ચાલકે ગાડી પુર ઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા ભાર્ગવકુમાર ભલુ મોટર સાયકલ ઉપરથી પડી જતા ટાટા ૯૦૯ ગાડીનું ટાયર તેમની ઉપર ફરી વળતા ભાર્ગવકુમાર ભલુનું સ્થળ ઉપર જ મૃત્યું નિપજયું હતું. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર ભાર્ગવકુમાર ભલુના પિતા દિનેશભાઈ ભલુ એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઇ.શ્રી એફ.એલ.રાઠોડ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૦૦૫/૨૦૨૬**

શાહપુરઃ માજીદખાન અબ્બાસખાન પઠાણ (ઉ.વ.૩૫) (રહે. ડહેલાવાળી ખડકી શાહપુર) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૭/૨૦૨૬ સવારના ૧૦/૦૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે હિચકાના હુકમા દોરડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.વી.પટણી ચલાવે છે.

ચાંદખેડાઃ કિરણકુમાર કલ્યાણકુમાર નાયડુ (ઉ.વ.૪૭) (રહે. સી–૩૦૨ જે–૧૮ એપાર્ટમેન્ટ ટી.પી.૪૪ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૭/૨૦૨૬ સાંજના ૦૬/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે તેમની માતાની બિમારીની ચાલતી ગોળીઓ મેળવી લઈ વધું પડતી ખાઈ લીધી હતી. સારવાર માટે તેમને ચાંદખેડા એસ.એમ.એસ.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન દરમ્યાન તા.૧૮/૦૭/૨૦૨૬ રાતના ૦૯/૧૯ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગમાલભાઇ સુકાજી ચલાવે છે.

નારોલઃ નગીનભાઈ નટવરભાઈ દેવીપુજક (ઉ.વ.૪૦) (રહે. ઇન્દીરાનગર વિભાગ–૧ લાંભા, નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૭/૨૦૨૬ સાંજના ૦૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૦૭/૨૦૨૬ રાતના ૧૧/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.સેરશીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી